सत्यमेव जयते

| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૧૪/૦૭/૨૦૨૫ |
| અરજી નોંધ્યા તારીખ | ૧૪/૦૭/૨૦૨૫ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૩૦/૧૨/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ – માસ – દિન<br>૦૦ – ૦૫ – ૧૬ |

**નામદાર મજુર અદાલત નં. ૧ જામનગરના પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ,**

**મુકામઃ જામનગર**

**રેફરન્સ (ટી) નં. ૮૧/૨૦૨૫**
**આંક : ૧૫**

પ્રથમ પક્ષકાર : (૧) રમેશભાઈ દોલુ
રહે.પાવર લાઈન સેલ્સ એન્ડ સર્વીસ,
માર્કેટીંગ યાર્ડ, રાધીકા રોડ,
ન્યારા પેટ્રોલ પંપની સામે,
હાપા રોડ, જામનગર

(૨) વિરાજબેન મનોજભાઈ પરીખ
રહે.બી/૧૩૯, શ્રીધર ઉરૂપ, શિવાલય પરીસંર,
કુંદાસણ, ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી,
જામનગર મહાનગર પાલિકા,
મહાનગર સેવા સદન, જામનગર

**<u>વિરુધ્ધ</u>**

બીજા પક્ષકાર : પરસોતમ રવજીભાઈ નારોલા
કે/ઓ. મજુર મહાજન સંઘ
૨૧૦, એવન કોમ્પ્લેક્ષ, કે.વી.રોડ, જામનગર

**<u>વિષયઃ</u>** ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૧૦(૧) અન્વયે ન્યાય નિર્ણય બાબત

| | | |
|---|---|---|
| પ્રથમ પક્ષકાર નં.૧ & ૨ તરફે | : | વિ.વકીલ શ્રી જી.બી.શારડા |
| પ્રથમ પક્ષકાર નં.૩ તરફે | : | વિ.વકીલ શ્રી એન.પી.જેઠવા |
| બીજા પક્ષકાર તરફે | : | વિ.પ્રતિનીધી શ્રી પી.આર.જોષી |

## –:: એ વો ર્ડ ::–

(૧) આ કામનાં અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છૂટા કરી દેતા મદદનીશ શ્રમ આયુકતશ્રી, જામનગર સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહિ થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, જામનગરનાં હુકમ ક્રમાંક : એ.કે.એચ.એલ.સી./આર.એ.જે./૯૦/૨૦૨૫, તા.૨૮/૦૫/૨૦૨૫, પત્ર ક્રમાંક : મશ્રઆ/જામ/૨૦૨૫/૩૨૨૩, તા.૦૯/૦૭/૨૦૨૫ થી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

## –: <u>અનુસૂચિ</u> :–

**પરસોતમ રવજીભાઈ નારોલાને તા.૦૧/૦૩/૨૦૨૪ થી કોઈપણ જાતના વાંક, ગુન્હા કે કસુર વગર નોકરીમાંથી છુટા કરેલ છે. આથી પડેલા રોજ ભરપાઈ કરી સળંગ નોકરીથી કામે લેવા જોઈએ કે કેમ ?**

(૨) આ કામે પક્ષકારોને નોટીસ કાઢતા બીજાપક્ષકાર તેમના વિ.પ્રતિનિધિ શ્રી પી.આર.જોષીએ હાજર થઈ આંક–૪ થી તેમનું અધિકાર પત્ર રજૂ કરેલ છે.

આ કામમાં બીજાપક્ષકારે આંક–પ થી માંગણાનું નિવેદન રજૂ કરેલ છે. જેની ટુંકી વિગત એવી છે કે, બીજાપક્ષકાર પ્રથમપક્ષકાર નં.૧ ના કોન્ટ્રાકટના સફાઈ કામદાર તરીકે સામાવાળા નં.ર જામનગર મહાનગર પાલિકા સેનીટેશન વિભાગમાં શહેરના જુદા જુદા વિસ્તારોમાં ઘરે ઘરે જઈને એકઠો થયેલ કચરો ઉપાડવાની કામગીરીમાં વર્ષ ૨૦૨૦ થી સળંગ અને સતત દર વર્ષે ૨૪૦ દિવસની હાજરીથી ફરજ બજાવતા હતા.

આ કામના પ્રથમક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર કે જે પાવર લાઈન સેલ્સ એન્ડ સર્વીસ કંપનીના નામથી જામનગર શહેરના જુદા જુદા વોર્ડની શેરીઓ, ગલીઓમાં ડોર ટુ ડેર કચરો એકઠો કરવાનો અને 'મેઈન રસ્તાઓ પરના ડસ્ટબીનો ઉપાડવાની કામગીરીમાં પ્રથમપક્ષકાર નં.ર જામનગર મહાનગર પાલિકા સાથે મેઈન પાવર સપ્લાય કરવાનો કોન્ટ્રાકટ રાખેલ જેને આ કામના પ્રથમપક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર તથા પ્રથમપક્ષકાર નં.ર જામનગર મહાનગર પાલિકા તરીકે આ કામમાં ઓળખાવેલ છે.

આ કામના  પ્રથમપક્ષકાર નં.ર જામનગર મહાનગર પાલિકા તે સ્થાનિક સ્વરાજની સંસ્થા છે અને જેનો વહીવટી સનદી આઈ.એ.એસ. કક્ષાના કમિશ્નર ધ્વારા કરવામાં આવે છે અને જેને માટે જામનગર મહાનગર પાલિકા લોકો પાસેથી હાઉસ ટેક્ષ, મનોરંજન ટેક્ષ, પાણી વેરો, શિક્ષણ વેરો, સફાઈ વેરો તથા બીજા ઘણા વેરા ઉઘરાવતી સંસ્થા છે અને સરકારની ઘણી મોટી આર્થિક ગ્રાન્ટ મેળવે છે અને તેનો મુખ્ય ઉદેશ શહેરની સુખાકારી જેમાં સફાઈ, આરોગ્ય, લાઈટ, પાણી અને શિક્ષણની સેવાઓ પુરી પાડવાનો છે અને આ પૈકી શહેરની સફાઈની કામગીરી માટે આ કામના પ્રથમપક્ષકાર નં.૧ પાસેથી મેઈન પાવર મેળવી અને સફાઈથી એકત્રીત કરાયેલ કચરો તેમજ ડોર ટુ ડોર કચરો મેળવવાની અને આ મળેલ કચરો નકકી થયેલ પોઈન્ટ ઉપર મુકવાની કામગીરી કરાવે છે. જેમાં બીજાપક્ષકાર સફાઈ કામદાર/ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા.

સફાઈની કામગીરી કાયમી પ્રકારની હોવા છતા તે સંબંધે મળવા

પાત્ર સર્વીસના અન્ય લાભો આપવામાં આવતા ન હતા, મીનીમમ વેજીસ કરતા પણ ઓછો પગાર ચુકવવામાં આવતો હતો. જે બાબતે લેખીત મૌખિક રજુઆતો કરવા છતા કોઈ યોગ્ય પ્રત્યોતર આપેલ નથી. બીજાપક્ષકારે પ્રથમક્ષકાર નં.૨ જામનગર મહાનગર પાલિકાના અધિકારી સમક્ષ તેમજ શ્રમ ખાતા સમક્ષ લેખીત મૌખિક રજુઆતો કરેલ પરંતુ તે રજુઆતો સંબંધે કોઈ દરકાર કરેલ નહિ. આ અંગે કોઈ નિર્ણય ન આવતા લાલ બંગલા વિસ્તારમાં ઉપવાસ છાપણી નાખેલ અને અહિંસક ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન શરૂ કરેલ. બીજાપક્ષકારના પ્રતિનિધિ મંડોળ સાથે ચર્ચા વિચારણા કરી દિવસ ૧૫ માં પુર્વવત કામ પર લઈ કાયદા અનુસાર તમામ લાભો આપવાનો સમાધાન કરેલ. આ સમાધાન અનુસાર પ્રથમપક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર ધ્વારા નિયત સમય મર્યાદામાં કામ લેવામાં ન આવતા તા.૦૩/૦૧/૨૦૨૪ ના રોજ બીજાપક્ષકારે તા.૧૬/૦૭/૨૦૨૪ થી નોકરીમાં ન લેતા તે સંબંધે નોટીસ આપેલી. આમ હાલનો આ કેસ કરવાની ફરજ પડેલી છે.

(૩.૧) આ કામે પ્રથમપક્ષકાર નં.૧ અને ૨ તરફે આંક–૭ થી પોતાનો જવાબ રજૂ કરવામાં આવેલો છે. જેની ટુંકી વિગત એવી છે કે, પ્રથમપક્ષકાર નં.૨ પાવર લાઈન સેલપેન સર્વીસીસનાઓ પ્રોપરાઈટરન દરજે જામનગર મહાનગર પાલિકા ધ્વારા શહેરમાં વસતા નાગરીકોની સુખાકારી માટે સ્વચ્છ શહેર રાખવા માટે જુદા જુદા વોર્ડમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકસન કરી બીન્સ તથા ઓપન પોઈટ કલેકસન કરી ડીસ્પોઝલ સાઈટ સુધી પોતાની બંધ બોડી વહાનો મારફત વહન કરી નીકાલ કરવાના કામનો કોન્ટ્રાકટ તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩ /૨૦૧૮ સુધીનો મળેલો હતો. સદર કોન્ટ્રાકટ પૂરો થતા તમામ કામદારોને તેમના હિસ્સા ચુકવી છુટા કરવામાં આવેલ હતા. કામ સંતોષકારક તેમજ તમામ શરતોનું પાલન કરતા હોવાથી નવો કોન્ટ્રાકટ તા.૦૧/૦૪/૨૦૧૯ થી ૫ વર્ષ માટે આપવામાં આવેલ. પ્રથમપક્ષકારો મજદુર કાયદાની તમામ જોગવાઈઓનું પાલન કરે છે.

બીજાપક્ષકાર તા.૦૩/૦૧/૨૦૨૪ થી ગેરકાયદેસર રીતે હડતાલ ઉપર ઉતરી ગયેલ હતા. આ કામગીરી આવશ્યક સેવામાં આવતી હોવાથી વૈકલ્પીક વ્યવસ્થા કરી કામ ચાલુ રાખવાની ફરજ પડેલ. જેથી હડતાલ ઉપર ગયેલ ડ્રાઈવર તથા હેલ્પરની જગ્યાએ નવા કર્મચારીઓની ભરતી કરવી પડેલ છે. આમ બીજાપક્ષકારને છુટા કરેલ નથી પરંતુ તેઓ તેમના કહેવાતા માન. મંડળને ટેકો આપવા આપો આપ તેમના ઈશારેથી કામ ઉપર આવવાનું બંધ કરી દીધેલ છે. પ્રથમપક્ષકાર સંસ્થાના મંડળ સાથે થયેલ તા.૨૪/૦૨/૨૦૨૪ ના રોજ સમાધાન મુજબ તે સમાધાન પત્ર તા.૨૯/૦૨/૨૦૨૪ મુજબ ૫૦ % કામદારને તાત્કાલીક કામે લેવાની ખાતરી આપવામાં આવેલ. પરંતુ આ યુનિયન પ્રતિનિધિ ધ્વારા જે સરકારી વિભાગમાં કે કોર્ટમાં ફરિયાદ કરેલ હતી તે ફરિયાદો પાછી ન લેતા આ સમાધાનની શરતોનું પાલન ન થતા હાલના બીજાપક્ષકાર નોકરીથી વંચીત રહી રોજીરોટી મેળવી શકેલ નથી. એટ્રોસીટીની ફરિયાદ બાબતે પણ મંડળ ધ્વારા કોઈ નકકર પગલા લેવામાં આવેલ નથી.

સમાધાનપત્ર તા.૨૯/૦૨/૨૦૨૪ ની શરતની બીજાપક્ષકાર/ યુનિયન ધ્વારા પુર્તતા કરવામાં આવે તો બીજાપક્ષકારને કામ પર લેવા તૈયાર છે. જેટલા દિવસ કામ કરેલ હોય તે મુજબની હાજરી ગણી પગાર ચુકવવામાં આવે છે. બીજાપક્ષકાર તા.૦૩/૦૧/૨૦૨૪ થી પોતાની જાતે ગેરકાયદેસર હડતાલ ઉપર ઉતરી ગયેલ હોય જે કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ નો વર્ક નો પે મુજબ કોઈપણ જાતની રકમ પગાર પેટે ચુકવવા પ્રથમપક્ષકાર નં.૧ અને ૨ જવાબદાર નથી જેથી હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૩.૨) આ કામે પ્રથમપક્ષકાર નં.૩ એ આંક–૮ થી જવાબ રજુ કરેલ છે. જેની ટુંકી વિગત એવી છે કે, જામનગર મહાનગપર પાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા ધ્વારા શહેરના વિસ્તારોમાં ડોર ટુ ડોર ગારબેજ કલેકશન બંધ બોડીના વાહનો ધ્વારા કલેકશન અને ડીસ્પોઝલ માટે પાંચ વર્ષ માટેના સમયગાળા માટે ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ તે અન્વયે પ્રથમપક્ષકાર

નં.૧ પાવર લેઈન સેલ્સ એન્ડ સર્વીસ કંપની સાથે કરાર કરવામાં આવેલ હતો. તે કરાર મુજબ પ્રથમપક્ષકાર નં.૧ એ સંસ્થાને ટેન્ડરની શરતો મુજબ ગારબેજ નિકાલ કરવાનું કામ કરવાનું હતુ. આ ટેન્ડરની શરત નં.૩૧ આ મુજબ છે કે, કોન્ટ્રાકટરે નિયમ મુજબ લેબર લાયસન્સ મેળવીને રજુ કરવાનું રહેશે અને મજુર કાયદાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમણે રાખેલા મજુરોને મીનીમમ વેઈજીસ પ્રમાણે વેતન ચુકવવાનું રહેશે. કામદારોના વીમા કે વેતન માટે જામનગર મ્યુની. કોર્પોરેશનની કોઈ જવાબદારી રહેશે નહી. લેબર લો એકટની તમામ જવાબદારી કોન્ટ્રાકટરના શીરે રહેશે. જયારે કોઈ અકસ્માત થાય તો વર્કમેન કોમ્પેનસેસન એકટ મુજબ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને અકસ્માતના સંજોગોમાં જે રકમ વર્કમેન કોમ્પેનસેસન કમિશ્નરશ્રી સમક્ષ જમા કરવાની રહેશે તે જે તે કોન્ટ્રાકટરે કરવાની રહેશે. વિકલ્પે મહાનગરપાલિકા બીલ અને ડીપોઝીટમાંથી રકમ જમા કરી શકાશે.

પ્રથમપક્ષકાર સંસ્થા જામનગર મહાનગર પાલિકાએ બીજાપક્ષકારને કોઈ પગાર ચુકવતી નહતી તેથી પગાર ચિઠ્ઠી આપવાનો કોઈ સવાલ ઉપસ્થિત થતો નથી. બીજાપક્ષકારને પ્રથમપક્ષકાર પાવર લાઈન સેલ્સ એન્ડ સર્વીસે કામ પર રાખેલ. જેથી બીજાપક્ષકાર આ સંસ્થાના કામદાર ન હોવાથી ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ મુજબ હાલની અરજી કરવા હકક અધિકાર નથી. શહેરના જુદા જુદા વિસ્તારમાં સમય પર સફાઈ થઈ શકે તે માટે ટેન્ડર પ્રક્રિયા મુજબની તમામ પ્રક્રિયા પૂરી થતા પ્રથમપક્ષકાર નં.૧ ને કચરો ઉપાડવાની કામગીરી માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલ નથી. ટેન્ડરની શરતો મુજબ પ્રથમપક્ષકારે પોતાના ખર્ચે માણસો રાખી આ સફાઈની કામગીરી કરવાની હોય છે. જેથી હાલની અરજી જામનગર મહાનગર પાલિકા સામે ટકવા પાત્ર નથી, જેથી રદ કવરા અરજ કરેલ છે.

(૪) આ કામે બીજાપક્ષકાર તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

**–: મૌખિક પુરાવો :–**

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બીજાપક્ષકાર પરસોતમ રવજીભાઈ નારોલાનું પુરાવાનું સોગંદનામું | ૧ર |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ. | વિગત | આંક. |
|---|---|---|
| ૧. | બીજાપક્ષકારને પુનઃસ્થાપિત કરવા અંગે પ્રથમપક્ષકારને આપેલ માંગણાની નોટીસની નકલ | નિ.૧૦/૧ |
| ર. | બીજાપક્ષકાર તરફે કલોઝીગ પુરસીસ | ૧૩ |

(પ) આ કામે પ્રથમપક્ષકાર તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ કામના પ્રથમપક્ષકારે આંક–૧૪ થી કલોઝીગ પુરસીસ રજુ કરેલ છે.

(૬) આ કામેના બીજાપક્ષકાર અને પ્રથમપક્ષકારોના વિ.વકીલશ્રી ઓની દલીલો સાંભળી. અત્રેના ઔદ્યોગિક વિવાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ વિચારણા માટે ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

**મુદ્દા નં.૧.** શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને પ્રથમપક્ષકારનાઓએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરી દીધેલ છે?

**મુદ્દા નં.ર.** શું બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર સહિત નોકરીની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર થાય છે ?

**મુદ્દા નં.૩.** આખરી શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો તથા તેના કારણો નીચે મૂજબ છે.

**મુદ્દા નં. ૧.** હકારમાં

**મુદ્દા નં. ૨.** અંશતઃ હકારમાં

**મુદ્દા નં. ૩.** આખરી હુકમ મુજબ

**–:: કા ર ણો ::–**

(૮) **મુદ્દા નં.૧ અને ૨ :**

હાથ ઉપરના કેસ અને પડેલા પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો બીજાપક્ષકારની એવી રજુઆત છે કે, આ કામના પ્રથમક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર કે જે પાવર લાઈન સેલ્સ એન્ડ સર્વીસ કંપનીના નામથી જામનગર શહેરના જુદા જુદા વોર્ડની શેરીઓ, ગલીઓમાં ડોર ટુ ડેર કચરો એકઠો કરવાનો અને 'મેઈન રસ્તાઓ પરના ડસ્ટબીનો ઉપાડવાની કામગીરીમાં પ્રથમપક્ષકાર નં.૨ જામનગર મહાનગર પાલિકા સાથે મેઈન પાવર સપ્લાય કરવાનો કોન્ટ્રાકટ રાખેલ જેને આ કામના પ્રથમપક્ષકાર નં. ૧ કોન્ટ્રાકટર તથા પ્રથમપક્ષકાર નં. ૨ જામનગર મહાનગર પાલિકા તરીકે આ કામમાં ઓળખાવેલ છે.

આ કામના પ્રથમપક્ષકાર નં.૨ જામનગર મહાનગર પાલિકા તે સ્થાનિક સ્વારાજની સંસ્થા છે અને જેનો વહીવટી સનદી આઈ.એ.એસ. કક્ષાના કમિશ્નર ધ્વારા કરવામાં આવે છે અને જેને માટે જામનગર મહાનગર પાલિકા લોકો પાસેથી હાઉસ ટેક્ષ, મનોરંજન ટેક્ષ, પાણી વેરો, શિક્ષણ વેરો, સફાઈ વેરો તથા બીજા ઘણા વેરા ઉઘરાવતી સંસ્થા છે અને સરકારની ઘણી મોટી આર્થિક ગ્રાન્ટ મેળવે છે અને તેનો મુખ્ય ઉદેશ શહેરની સુખાકારી જેમાં સફાઈ, આરોગ્ય, લાઈટ, પાણી અને શિક્ષણની સેવાઓ પુરી પાડવાનો છે અને આ પૈકી શહેરની સફાઈની કામગીરી માટે આ કામના પ્રથમપક્ષકાર નં. ૧ પાસેથી મેઈન પાવર મેળવી અને સફાઈથી એકત્રીત કરાયેલ કચરો તેમજ ડોર ટુ ડોર કચરો મેળવવાની અને આ મળેલ કચરો નકકી થયેલ પોઈન્ટ ઉપર મુકવાની કામગીરી

કરાવે છે. જેમાં બીજાપક્ષકાર સફાઈ કામદાર/ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા.

સફાઈની કામગીરી કાયમી પ્રકારની હોવા છતા તે સંબંધે મળવા પાત્ર સર્વીસના અન્ય લાભો આપવામાં આવતા ન હતા, મીનીમમ વેજીસ કરતા પણ ઓછો પગાર ચુકવવામાં આવતો હતો. જે બાબતે લેખીત મૌખિક રજુઆતો કરવા છતા કોઈ યોગ્ય પ્રત્યોતર આપેલ નથી. બીજાપક્ષકારે પ્રથમક્ષકાર નં.૨ જામનગર મહાનગર પાલિકાના અધિકારી સમક્ષ તેમજ શ્રમ ખાતા સમક્ષ લેખીત મૌખિક રજુઆતો કરેલ પરંતુ તે રજુઆતો સંબંધે કોઈ દરકાર કરેલ નહિ. આ અંગે કોઈ નિર્ણય ન આવતા લાલ બંગલા વિસ્તારમાં ઉપવાસ છાપણી નાખેલ અને અહિંસક ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન શરૂ કરેલ. બીજાપક્ષકારના પ્રતિનિધિ મંડોળ સાથે ચર્ચા વિચારણા કરી દિવસ ૧૫ માં પુર્વવત કામ પર લઈ કાયદા અનુસાર તમામ લાભો આપવાનો સમાધાન કરેલ. આ સમાધાન અનુસાર પ્રથમપક્ષકાર નં.૧ કોન્ટ્રાકટર ધ્વારા નિયત સમય મર્યાદામાં કામ લેવામાં ન આવતા તા.૦૩/૦૧/૨૦૨૪ ના રોજ બીજાપક્ષકારે તા.૧૬/૦૭/૨૦૨૪ થી નોકરીમાં ન લેતા તે સંબંધે નોટીસ આપેલી. આમ હાલનો આ કેસ કરવાની ફરજ પડેલી છે.

આ કામે પ્રથમપક્ષકાર નં. ૧ અને ૨ નો એવો બચાવ છે કે, પ્રથમપક્ષકાર પાવર લાઈન સેલપેન સર્વીસીસનાઓ પ્રોપરાઈટરન દરજે જામનગર મહાનગર પાલિકા ધ્વારા શહેરમાં વસતા નાગરીકોની સુખાકારી માટે સ્વચ્છ શહેર રાખવા માટે જુદા જુદા વોર્ડમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકસન કરી બીન્સ તથા ઓપન પોઈંટ કલેકસન કરી ડીસ્પોઝલ સાઈટ સુધી પોતાની બંધ બોડી વહાનો મારફત વહન કરી નીકાલ કરવાના કામનો કોન્ટ્રાકટ તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩ /૨૦૧૮ સુધીનો મળેલો હતો. સદર કોન્ટ્રાકટ પૂરો થતા તમામ કામદારોને તેમના હિસ્સા ચુકવી છુટા કરવામાં આવેલ હતા. કામ સંતોષકારક તેમજ તમામ શરતોનું પાલન કરતા હોવાથી નવો કોન્ટ્રાકટ તા.૦૧/૦૪/૨૦૧૯ થી ૫ વર્ષ માટે આપવામાં આવેલ. પ્રથમપક્ષકારો મજદુર કાયદાની

તમામ જોગવાઈઓનું પાલન કરે છે.

બીજાપક્ષકાર તા.૦૩/૦૧/૨૦૨૪ થી ગેરકાયદેસર રીતે હડતાલ ઉપર ઉતરી ગયેલ હતા. આ કામગીરી આવશ્યક સેવામાં આવતી હોવાથી વૈકલ્પીક વ્યવસ્થા કરી કામ ચાલુ રાખવાની ફરજ પડેલ. જેથી હડતાલ ઉપર ગયેલ ડ્રાઈવર તથા હેલ્પરની જગ્યાએ નવા કર્મચારીઓની ભરતી કરવી પડેલ છે. આમ બીજાપક્ષકારને છુટા કરેલ નથી પરંતુ તેઓ તેમના કહેવાતા માન. મંડળને ટેકો આપવા આપો આપ તેમના ઈશારેથી કામ ઉપર આવવાનું બંધ કરી દીધેલ છે. પ્રથમપક્ષકાર સંસ્થાના મંડળ સાથે થયેલ તા.૨૪/૦૨/૨૦૨૪ ના રોજ સમાધાન મુજબ તે સમાધાન પત્ર તા.૨૯/૦૨/૨૦૨૪ મુજબ ૫૦ % કામદારને તાત્કાલીક કામે લેવાની ખાતરી આપવામાં આવેલ. પરંતુ આ યુનિયન પ્રતિનિધિ ધ્વારા જે સરકારી વિભાગમાં કે કોર્ટમાં ફરિયાદ કરેલ હતી તે ફરિયાદો પાછી ન લેતા આ સમાધાનની શરતોનું પાલન ન થતા હાલના બીજાપક્ષકાર નોકરીથી વંચીત રહી રોજીરોટી મેળવી શકેલ નથી. એટ્રોસીટીની ફરિયાદ બાબતે પણ મંડળ ધ્વારા કોઈ નકકર પગલા લેવામાં આવેલ નથી.

આ કામે પ્રથમપક્ષકાર જામનગર મહાનગર પાલિકાનો એવો બચાવ છે કે, જામનગર મહાનગપર પાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા ધ્વારા શહેરના વિસ્તારોમાં ડોર ટુ ડોર ગારબેજ કલેકશન બંધ બોડીના વાહનો ધ્વારા કલેકશન અને ડીસ્પોઝલ માટે પાંચ વર્ષ માટેના સમયગાળા માટે ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ તે અન્વયે પ્રથમપક્ષકાર નં.૧ પાવર લેઈન સેલ્સ એન્ડ સર્વીસ કંપની સાથે કરાર કરવામાં આવેલ હતો. તે કરાર મુજબ પ્રથમપક્ષકાર નં. ૧ એ સંસ્થાને ટેન્ડરની શરતો મુજબ ગારબેજ નિકાલ કરવાનું કામ કરવાનું હતુ. આ ટેન્ડરની શરત નં.૩૧ આ મુજબ છે કે, કોન્ટ્રાકટરે નિયમ મુજબ લેબર લાયસન્સ મેળવીને રજુ કરવાનું રહેશે અને મજુર કાયદાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમણે રાખેલા મજુરોને મીનીમમ વેઈજીસ પ્રમાણે વેતન ચુકવવાનું રહેશે. કામદારોના વીમા કે વેતન માટે જામનગર મ્યુની. કોર્પોરેશનની કોઈ જવાબદારી રહેશે નહી. લેબર લો એકટની તમામ જવાબદારી

કોન્ટ્રાકટરના શીરે રહેશે. જયારે કોઈ અકસ્માત થાય તો વર્કમેન કોમ્પેનસેસન એકટ મુજબ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને અકસ્માતના સંજોગોમાં જે રકમ વર્કમેન કોમ્પેનસેસન કમિશ્નરશ્રી સમક્ષ જમા કરવાની રહેશે તે જે તે કોન્ટ્રાકટરે કરવાની રહેશે. વિકલ્પે મહાનગરપાલિકા બીલ અને ડીપોઝીટમાંથી રકમ જમા કરી શકાશે.

પ્રથમપક્ષકાર સંસ્થા જામનગર મહાનગર પાલિકાએ બીજાપક્ષકારને કોઈ પગાર ચુકવતી નહતી તેથી પગાર ચિઠ્ઠી આપવાનો કોઈ સવાલ ઉપસ્થિત થતો નથી. બીજાપક્ષકારને પ્રથમપક્ષકાર પાવર લાઈન સેલ્સ એન્ડ સર્વીસે કામ પર રાખેલ. જેથી બીજાપક્ષકાર આ સંસ્થાના કામદાર ન હોવાથી ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ મુજબ હાલની અરજી કરવા હકક અધિકાર નથી. શહેરના જુદા જુદા વિસ્તારમાં સમય પર સફાઈ થઈ શકે તે માટે ટેન્ડર પ્રક્રિયા મુજબની તમામ પ્રક્રિયા પૂરી થતા પ્રથમપક્ષકાર નં.૧ ને કચરો ઉપાડવા ની કામગીરી માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલ નથી. ટેન્ડરની શરતો મુજબ પ્રથમપક્ષકારે પોતાના ખર્ચે માણસો રાખી આ સફાઈની કામગીરી કરવાની હોય છે.

આ કામે બીજાપક્ષકારની ઉલટતપાસ ધ્યાને લઈએ તો તેમા તેઓએ જણાવેલ છે કે,

"મને વિરાજબેન મનોજભાઈ પરીખ ધ્વારા છુટા કરવાનો લેખિતમાં ઓર્ડર આપેલ છે. મેં આ કામમાં રજુ કરેલ છે.

મેં આ કામ બંધ કર્યુ તેની અરજી જિલ્લા કલેકટરને આપેલી, આ અરજી આ કેસમાં રજુ કરેલ નથી.

એ વાત ખરી છે કે, માલિક અને યુનિયન વચ્ચે સમાધાન થયેલુ.

એ વાત ખરી છે કે, અમારા કામદાર ધ્વારા મેનેજર સામે એટ્રોસીટીની ફરિયાદ દાખલ કરેલી. આ ફરિયાદ હાલમાં પરત ખેંચી નથી.

એ વાતની મને ખબર નથી કે, માલિક ધ્વારા તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ

કામ પર બોલાવવા માં આવેલા. સાહેદ હવે સ્વેચ્છાએ જણાવે છે કે, બોલાવવામાં આવેલા પણ ગયેલ નહિ.

સફાઈ કામગીરી આવશ્યક કામગીરી છે, એની મને ખબર છે.

હાલમાં હું છુટક કામગીરી કરુ છું. ઘરમાં ચાર સભ્યો છે. માહિને રૂા.૧૨,૦૦૦/– ની આવક છે."

આ કામે બીજાપક્ષકાર તેમની ઉલટતપાસમાં એ હકીકત કબુલે છે કે, તેઓને છુટા કરવાનો લેખીત ઓર્ડર આપેલ નથી. એ વાત ખરી છે કે, મેં જાતે કામ પર જવાનું બંધ કરી દીધેલુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમને ૨–૩ વર્ષથી પગાર સ્લીપ આપતા ન હતા.

જયારે પ્રથમપક્ષકાર નં. ૧ તેઓના જવાબમાં જણાવે છે કે, પ્રથમપક્ષકાર સંસ્થાના મંડળ સાથે થયેલ તા.૨૪/૦૨/૨૦૨૪ ના રોજ સમાધાન મુજબ તે સમાધાન પત્ર તા.૨૯/૦૨/૨૦૨૪ મુજબ ૫૦ % કામદારને તાત્કાલીક કામે લેવાની ખાતરી આપવામાં આવેલ. પરંતુ આ યુનિયન પ્રતિનિધિ ધ્વારા જે સરકારી વિભાગમાં કે કોર્ટમાં ફરિયાદ કરેલ હતી તે ફરિયાદો પાછી ન લેતા આ સમાધાનની શરતોનું પાલન ન થતા હાલના બીજાપક્ષકાર નોકરીથી વંચીત રહી રોજીરોટી મેળવી શકેલ નથી. એટ્રોસીટીની ફરિયાદ બાબતે પણ મંડળ ધ્વારા કોઈ નકકર પગલા લેવામાં આવેલ નથી.

આમ બીજાપક્ષકારને પ્રથમપક્ષકાર નં.૧ એ તેઓની ગેરહાજરી બાબતે કોઈ નોટીસ આપી હોય કે ખાતાકીય તપાસ કરી હોય તેવુ રેકર્ડ પરથી જણાનુ નથી. વધુમાં બીજાપક્ષકાર સંપૂર્ણ બેકાર રહે તેવુ પણ રેકર્ડ પરના પુરાવા પરથી જણાનુ નથી. હાલના સમયમાં કોઈપણ માણસ બેકારન હોય કોઈને કોઈ કામકાજ કરતો હોય. આ કામે બીજાપક્ષકાર પ્રથમપક્ષકાર નં.૧ અને ૨ ના કામદાર હોય પ્રથમપક્ષકાર નં.૩ જામનગર મહાનગર પાલિકાના કામદાર હોય તેવુ રેકર્ડ પરના પુરાવા પરથી જણાનુ નથી. આમ મુદ્દા નં.૧ નો જવાબ હકકારમાં અને નં.૨ નો અંશતઃ હકામરમાં આપી મુદ્દા નં.૩ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**૧.** બીજાપક્ષકારનો રેફરન્સ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

**૨.** બીજાપક્ષકારને પ્રથમપક્ષકાર નં.૧ અને ૨ એ પડેલા દિવસોના પગાર સિવાય પુનઃસ્થાપિત કરવો.

**૩.** પ્રથમપક્ષકાર નં.૩ જામનગર મહાનગર પાલિકા સામે કોઈ દાદ આપવામાં આવતી નથી.

**૪.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તા.૩૦/૧૨/૨૦૨૫
જામનગર

**(ડી.જે.ઠાકર)**
પ્રિસાઈડીગ ઓફીસર,
મજુર અદાલત કોર્ટ નં.૧, જામનગર
**આઈ.ડી.નંજીજે–૦૦૭૪૮**

મોહીત પી. ઢચા
(સ્ટેનોગ્રાફર)